**<u>ક્રિમીનલ પરચુ અરજી નં. ૩૨૩/૨૦૨૬ (ફો.કે.નં. ૬૪૬૮/૨૦૨૪)</u>**
**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) અરજદારે હાલની આ અરજી કરી, **મરોલી પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નંબર ૧૧૮૨૨૦૨૩૨૪૦૮૦૩/૨૦૨૪** થી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ (1) ONE PLUS NORD 8 + 128 MISTY GREEN, જેનો IMEI NO.862027064617756 (2) 862027064617749 પરત મેળવવા બી.એન. એસ. એસ. ની કલમ–૪૯૭ અન્વયે અરજ કરેલ છે. અરજદારના વિ.વ.શ્રી તથા વિ.એ.પી. પી.શ્રીની દલીલ સાંભળેલ છે.

(૨) અરજદારના વિ.વ.શ્રી તેમની દલીલમાં અરજી મુજબની હકીકતો દલીલ સ્વરૂપે જણાવી વિશેષમાં જણાવે છે કે, મુદ્દામાલ મોબાઈલ અરજદાર રોજીંદા કામ માટે ઉપયોગ કરતા આવેલ હતા અને હાલ સદર મોબાઈલ કબજે કરેલ હોય તેમને ખૂબ જ આર્થિક નુકશાન સહન કરવુ પડી રહેલ છે. મુદ્દામાલ જાળવવાની કે સાચવવાની કોઈ સગવડ પોલીસ સ્ટેશનમાં નથી અને ખરાબ થઈ જવાની પણ વકી રહેલ છે તેમજ સદર કામ પુરાવા ઉપર આવી ચાલતા ઘણો સમય નીકળી જાય તેમ છે માટે મુદ્દામાલ મોબાઈલ અરજદારને સોંપવા અરજ કરેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રીએ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત પક્ષકારોની રજુઆત તથા કેસનું રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામે ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે અને સદર કામે રજુ મુદ્દામાલ પાવતી ધ્યાને લેતા સદર મુદ્દામાલ હાલના કામે કબજે લીધેલ હોવાનું જણાય આવે છે. આમ, સદર કામે ચાર્જશીટ થઈ ગયેલ હોય હાલના કામે ત.ક.અ.નો અભિપ્રાય મંગાવવામાં આવેલ નથી. તેમજ આ કેસની ટ્રાયલ પૂર્ણ થઈ ગયેલ છે તથા સદર કામ દલીલના સ્ટેજ પર છે. આજદિન સુધી ઉપરોકત મુદ્દામાલ કોઈ પણ ઈસમ ધ્વારા કલેઈમ કરવામાં

આવેલ નથી. જેથી ઉપરોકત મુદ્દામાલ અરજદારની માલિકીનો હોવાનું પ્રથમદર્શનીય માની શકાય. નામદાર સર્વોચ્ચ અદાલતના **સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ૨૦૦૨(૮), સુપ્રિમ ટુ ડે પાના નં. પ૨પ** મા રિપોર્ટ ચુકાદા માં પ્રતિપાદિત કરવામાં આવેલ સિદ્ધાંતોને લક્ષમાં લેતા કિમતી મુદ્દામાલની તપાસના કામે જરૂર ન હોય તો પોલીસ કસ્ટડીમાં રાખવો યોગ્ય નથી. કેસ પેપર તથા મુદ્દામાલ પાવતીની વિગતે મુદ્દામાલ તે ગુનાના આરોપી પાસેથી પોલીસે કબજે લીધેલ છે. અરજદારપક્ષે નિ.૩/૧ થી ચાર્જશીટની નકલ તથા  નિ. ૩/૨ થી મોબાઈલ બીલની સર્ટીફાઈડ નકલ તથા નિ.૩/૩ થી અરજદારના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે તેમજ આ કામે અરજદારના પુત્ર તરફે આંક-૪ થી એન.ઓ.સી. રજુ કરેલ છે અને તેમાં જણાવવામાં આવેલ છે કે, સદર કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ તેમના નામનો છે પરંતુ તેમના અરજદાર (તેમના પિતા) ને આપવામાં આવે તો વાંધો નથી.  જે મુજબ ઉપરોકત મુદ્દામાલ તે હાલના અરજદાર ની માલીકી કબજા ભોગવટાનું હોવાનુ માનવાને પુરતુ કારણ છે અને તે સોંપવા સામે કોઈ વાંધો તકરાર રજુ નથી. આમ ઉપરોકત મુદ્દામાલ મોબાઈલ તે અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોપવું યોગ્ય જણાતુ હોઈ ચર્ચાના અંતે હાલની આ અરજી મંજુર થવા પાત્ર હોય અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આથી અરજદારની આ અરજી **મંજુર** કરવામા આવે છે.

(૨) **મરોલી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ. ર. નં. ૧૧૮૨૨૦૨૩૨૪૦૮૦૩/૨૦૨૪** થી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ (1) ONE PLUS NORD 8 + 128 MISTY GREEN, જેનો IMEI NO.862027064617756 (2) 862027064617749  તે અરજદારને નીચેની શરતોને આધિન કેસના આખરી નિર્ણય થતાં સુધીના વચગાળાના સમય માટે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) અરજદારે મુદામાલ મોબાઈલો ની દોઢી કિમતના સધ્ધર જામીન અને તેટલી જ રકમ નો જાત મુચરકો અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવો.

(૨) અરજદારે મુદામાલ મોબાઈલો કેસના આખરી નિકાલ ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યક્તિને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવું કરાવવુ નહિ.

(૩) અરજદારે આ અદાલત અગર તો અન્ય અદાલત ગુનાના કામે જ્યારે પણ મુદામાલ મોબાઈલ માંગે ત્યારે અને ત્યાં જે તે સ્થિતિમાં રજુ કરવાનું રહેશે.

(૪) આ મુદામાલ મોબાઈલોના દેખાવ ઓળખમા કોઈ ફેરફાર થાય તેવો કોઈ સુધારો કરવો નહિ.

(૫) અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન અન્ય કોઈ પણ ગુનાના કામે વાપરવા નહી.

(૬) ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો મુદામાલ જપ્ત કરવામા આવશે.

**આજ તા.૦૯ મી માહે: માર્ચ, સને–૨૦૨૬ ના રોજ હુકમ જાહેર કર્યો.**

| | |
|---|---|
| તા.૦૯/૦૩/૨૦૨૬<br>નવસારી. | (પ્રભાકર કૃષ્ણકાંત રાય)<br>એડી.ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,નવસારી.<br>કોડ નં:–GJ1112 |